R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-22 • ISSUE: 51 DATE: 21-12-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ઇજીપ્તમાં કબરમાંથી સંશોધનકારોએ ૨૩૦૦ વર્ષ જુનુ મમી શોધ્યું

ન્યુયોર્ક આર્કીયોલોજીસ્ટએ ૨૩૦૦ વર્ષ જુનુ મમી ,થીબીસ,ઈજીપ્તની કબરમાંથી શોધી કાઢ્યું હતું. જે રંગીન કોલરમાં વીટાળાયેલ હતું.કોલરનો અર્થ એવો થાય છે કે જુના જમાનાના લોકો પ્લાસ્ટર જેવા મટીરીયલ્સમાંથી અમુક રંગરંગીન ચીજ વસ્તુઓ બનાવવામાં વાપરતા હતા તેવુ મટીરીયલ્સથી શણગારેલ વસ્તુ કે જગ્યા..જેને મમીની આસપાસ કવર કરવા માટે વીટાળી દેવામાં આવ્યું હતું જેથી તેની બહારના વાતાવરણની અસરો થાય નહી. જેવી રીતે ચાઈનીઝ કલે મટીરીયલ્સથી કોઈ પણ ચીજ વસ્તુઓને બહારથી સુંદર બનાવાય છે તે રીતે કબરને સીલ કરી દેવાઈ હતી. અને તેને સુશોભનથી સજ્જ કરાયુ હતું. જેથી અંદરનું મમી સુંદર રીતે સચવાઈ રહે.

લાઈવસાયંસના રીપોર્ટ પ્રમાણે ૨૩૦૦ વર્ષ પહેલાના કોલરને મટીરીયલ્સના વવિધ રંગોથી શુસોભન કરવામાં આવ્યું હતું.જુદી જુદી પ્રકારની ડીઝાઈન અને આકૃત્તિઓ તેના પર કંડારવામા આવી હતી.આદિ ઈજીપ્શીયન ધર્મની પણ આની ઉપર છાંટ દેખાઈ આવતી હતી.ટોમ્બ કે જ્યાંથીઆ કોલર મળી આવ્યું છે.ત્યાં આવેલ કબર જે કદાચ ૩૩૦૦ વર્ષ પહેલા બંધાયેલ હોવાનુ મનાય છે.આ બટલર પેરીનીફર,જે ફરાહ અખીનેતનને માટે કાર્ય કરતો હતો.ઘણો સમય વીતી ગયો,કેટલાય લોકો અહીંયા દટાયા હશે.પરંતુ એ પૈકીનો કોઈ એકનું શરીર ૨૩૦૦ વર્ષ પુરાણું જણાય છે.જે તેના કલરફુલ કોલર પરથી જાણવા મળે છે.થીબીસમાં એક કબરને વારંવાર ઉપયોગમાં લેવાની રીતે અહીંયા ચાલે છે.તેથી એવું મનાય છે કે આ રીત આર્થિક રીતે પોષાય તેમ છે.કારણકે નવી કબર બનાવવી તે મોઘીં છે. સુસાન રેડફોર્ડે,પેન સ્ટેટ યુની. આ વેબસાઈટ દ્વારા જણાવ્યું હતું.

## ગુજરાતમાં ક્રિસમસ દરમિયાન કોલ્ડવેવની આશંકા

આગામી દિવસોમાં વૈશ્વિક હવામાનમાં કાતિલ ઠંડી,વાવાઝોડા સાથે હવામાન પલટાય તેવા સંજોગોની જાહેરાત કરવામાં આવી છે.યુરોપ ,અમેરીકા ખંડના ઘણા ભાગો ઠંડાગાર બની જાય તેમ છે.ગુજરાતમાં હિમયુક્ત ફુંકાતા ઠંડા પવનોને કારણે ઠંડીમાં વધારો થશે.ગુજરાત સૌરાષ્ટ્રના ભાગો કાતિલ ઠડીની લેપટમાં આવી જાય ,કચ્છ,ઉત્તર ગુજરાતમા પણ તેની અસરો જોવા મળશે.

જાન્યુઆરીની શરુઆત સુધીમાં રાજસ્થાન,ઉત્તરપ્રદેશ,દિલ્હી, બંગાલ,બિહાર વિદર્ભમાં કાતિલ ઠંડી પડવાનો સંભવ નકારી શકાય તેમ નથી.ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસ જણાય છે તેમજ કમોસમી વરસાદની પણ વકી છે.અમદાવામાં ઠંડીનો પારો ૧૦ ડીગ્રીથી નીચે જવાની વકી છે.ચારેબાજુ ગ્લોબલ વોર્મિગની અસરો દેખાવા માંડી છે.






## દિલ્હીમાં થયેલ ગેંગરેપની પ્રથમ એન્વેસરીની યાદ રુપે રાયસીના હિલ,રાજપથ ખાતે લોકો એકઠા મળ્યા

દેશભરના લોકો ૧૬ ડિસેમ્બરના રોજ દિલ્હીમાં થયેલ ગેંગરેપને હજુ સુધી ભુલ્યા નથી.એક વર્ષ બાદ આ પ્રસંગને યાદ કરતાં તેઓ એકઠા મળ્યા હતા.વિકટીમના કુટુંબીજનોએ તેમના ઘરમાં પ્રાર્થના કરી હતી.દેશના મોટા ભાગના સમાચારપત્રો,વેબ સાઈટો,ટ્વીટર ઉપર અનેક લખાણો મહિલાઓની સલામતી માટે લખાયા હતા અને લખાઈ રહ્યા છે.સહુ કોઈ એવું કહી રહ્યા છે કે ભવિષ્યમાં આવી કોઈ ઘટના ના બને માટે આપણે ખુબજ તૈયાર થવું પડશે.એક વર્ષ પહેલાં ૧૬મી ડિસેમ્બરની એક ગોઝારી રાત્રીએ ૨૩ વર્ષીય ફીઝીયોથેરાપીસ્ટ વિદ્યાર્થીની ઉપર બસમાં ગેંગરેપ કરવામાં આવ્યો હતો.તેની સાથે તેઓ એક બોય ફ્રેન્ડ પણ હતો. છ વ્યક્તિઓએ બળાત્કાર કરીને ખુબજ ધાતકી રીતે તેણીને મારવામાં આવી હતી.આ માત્ર પાશવી કૃત્ય હતું એટલું કહેવું પુરતું નથી પણ આ બળાત્કારનો ભોગ બનેલી છોકરીની સારવાર કરતાં સફદરજંગ હોસ્પીટલ ડોકટરે જણાવ્યું હતું કે મે મારી જીંદગીમાં ૨૦ વર્ષો દરમિયાન આવું કોઈ કૃત્ય જોયું નથી.બળાત્કારનો શિકાર બનેલી છોકરીનું નામ નિર્ભયા હતું.તેણીને વધુ સારવાર માટે સીંગાપોરની હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી.પરંતુ તેની ઈજાઓને કારણે તેણી ડિસેમ્બર ૨૯ના દિવસે મૃત્યુ પામી હતી.આ ઘટના બાદ સમગ્ર દિલ્હી,ભારતની રાજધાનીમાં હજારો લોકો શેરીઓમાં ધસી આવ્યા,અને બળાત્કારીઓને સજા અને મહિલાઓની સલામતી માટે તાત્કાલિક વ્યવસ્થા કરવા માંગણી કરી હતી.ફાસ્ટ ટ્રેક કોર્ટે ચાર વ્યક્તિ મુકેશ,વિનય,અક્ષય,પવનને મૃત્યુદંડની સજા કરી હતી.હવે હાઈકોર્ટમાં અપીલમાં કેસ ગયો છે.મુખ્ય આરોપી રામ સિહનું મરણ થયું છે.છઠ્ઠો આરોપી સગીર છે.જેથી આગળ શું થશે તે ખબર નથી.

**Happy Christmas**




નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

આખરે લોકપાલ બિલ રાજ્યસભામાં પસાર કરી દેવાયું હતું.જો કે સપાએ વિરોધ કરતાં ગૃહત્યાગ કર્યો હતો.લોકપાલ બિલમાં સુધારાઓ સાથે તેને પસાર કરવામાં આવ્યું હતું. હવે તે લોકસભામાં રજુ કરીને તેને કાયદાનું સ્વરુપ અપાશે.ત્યાર બાદ યુપીએ સરકાર કોમી રમખાણોને લગતા બિલને મંજુરી આપી દીધી છે.બિલની કેટલીક જોગવાઈઓનો વિરોધ થતાં તેને સુધારી લેવાઈ છે.બિલને કારણે કોમી હિંસા રોકવામાં મદદ મળશે અને કાયદો વધુ કડક બનશે.આ બિલમાં સહુથી વધુ વાંધો ભારતીય જનતા પાર્ટીએ ઉઠાવ્યો હતો.મોટા ભાગના કોમી રમખાણોમાં બહુમતીના સભ્યો સંડોવાયેલા હોવાથી બહુમતીઓને કડક કાયદાના ભોગ બનવું પડે તેવી તેવી જોગવાઈઓમાં બાંધછોડ કરવાની તેમની માંગણીને સુધારા વધારા સાથે સ્વીકારીને સરકારે તેને લોકસભામાં રજુ કરવાનું નક્કી કર્યુ છે. હજુ પણ કેટલાક બિલો સંસદના મેજ પર મુકવાની યુપીએ સરકારની ઈચ્છા કેટલી ફળે છે તે નજીકના સમયમાં ખબર પડશે.શિયાળુ સત્રમાં મોટાભાગના બીલો મુકાઈ જશે.

## મંતવ્ય

અણ્ણા હજારે આમરણાંત ઉપવાસ પર તેમના ગામે બેઠા છે.જેથી ત્યાંથી તેમને કોઈપણ હઠાવી શકે તેમ નથી.તેમજ કોઈને નડતર થાય તેમ પણ નથી.વારંવાર જંતર મંતર પર થતા આવી બાબતોને કારણે દિલ્હીમાં કાયદો વ્યવસ્થાના નામે પોલીસ બળજબરી પણ કરતી હોય છે તેમાંથી લોકોને ઉગારી લેવાનો અને મકસદ સિધ્ધ કરવાનો અણ્ણાનો વિચાર સારો છે.આ વખતે અણ્ણાની લોકપાલની માંગણીમાં સરકાર ખુદ સંમત છે અને તેમને લોકપાલ બિલ પસાર કરાવવાની ઉતાવળ પણ છે.અણ્ણાએ સરકારે લોકપાલ બિલમાં સુચવેલ સુધારાઓ મંજુર રાખ્યા છે એટલે હવે સરકારને માત્ર રાજ્યસભામાં બિલ પસાર કરાવવાનું રહે છે.અણ્ણાને મળવા ગયેલ તેમના જુના સાથી કેજરીવાલે આ બાબતે અસહમતિ દર્શાવી હતી પરંતુ અણ્ણા તેમની વાતોને પડતી મુકી છે.જો કે એક વાત સ્પષ્ટ છે અણ્ણાની વાત આખરે સરકારે સાંભળવી પડી છે.અણ્ણાના હિસાબે આ બિલને કારણે સરકારી ખાતાઓનો મોટા ભાગનો ભષ્ટ્રાચાર નાબુદ થઈ શકશે.

એલ. કે. પરમાર


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,
જીવન સાહિત્ય ભંડાર,
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨
શ્રી પાઉલભાઈ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨

# માણસમાં જો નિર્ણયશક્તિ હોય તો તે સંયમ પાળી શકે છે

માણસમાં જો નિર્ણયશક્તિન હોય, તે સંયમ પાળી શકતો નથી. સંયમ માટે દ્દઢતા જોઈએ.ગાંધીજીએ કહ્યુ છે કે 'દુર્બળ મનનો માણસ સંયમ પાલન કરી શકતો નથી, પણ જેના મનમાં લગની હોય તે અભ્યાસથી સંયમ પાલન કરી શકે છે,અભ્યાસથી સંયમ પાલન એટલે મનની મજબુતાઈ,મન જો દ્રીધામાં હોય તો સંયમ પાળી શકાતો નથી. એક વખત કોઈ પણ કામ મનથી નક્કી થાય, પછી એમાંથી જે ડગતો નથી,કંઈ પણ થાય તોય જે પોતાની દીશામાં આગળ વધે છે એજ સાચો સંયમી 'અમુક વસ્તુ ખાવાની નથી, એવું નક્કી કર્યા પછી એ જ વસ્તુ સામે આવે અને જો મન લલચાય તો એનો અર્થ સરતો નથી.મહાત્માઓએ તો પોતાની ઈન્દ્રીયોને કાબુમાં રાખવાની વાત કરેલી છે.સુલેમાને કહ્યુ છે કે ' જેને ઈન્દ્રીયો વશમાં નથી એ દીવાલો પડી ગયેલા મકાન જેવો છે'જે મકાનને દીવાલો જ ન હોય, એને મકાન કેવી રીતે કહેવાય ?આપણી ઈન્દ્રીયોનુ પણ એવું જ છે. ઈન્દ્રીયો ઉપરનો કાબુ એ માણસની સિધ્ધિ ગણાય છે. જો ઈન્દ્રીયોને છુટો દોર આપવામાં આવ્યો હોય તો એનાં પરિણામો સારા આવતાં નથી.સારુ એ મારુ એવી ઈચ્છા રાખવી એ મુર્ખામી છે.બાઈબલમાં કહ્યુ છે કે 'દુરાચારીણી સ્ત્રીના સોદર્ય પર ન તો પોતાના હ્યદયને મુગ્ધ થવા દો કે ન તો પોતાની જાતને તેની ચંચળ દષ્ટ્રિનો શિકાર થવા દો' એનાથી દુર રહેવુ એમાં જ આપણુ હિત છે, નહિતર પતન તો નિશ્ચિત છે જ.

ચીનમાં કહેવત છે કે ' ઓછું ખાવ, લાંબુ જીવો ', આપણા બધાંજ શાસ્ત્રો એકજ અવાજે કહે છે કે ભુખ કરતાં ઓછું ખાવ,જઠરને થોડુ ખાલી રહેવા દો. અકરાંતિયાની જેમ ખાઈને મોતને કે રોગને આમંત્રણ આપવુ જોઈએ નહી.આ બધુંજ હોવા છતાં આપણી જીભને જે સ્વાદ લાગે છે તે છુટતો નથી. ભોજન અને ભાષણમાં સંયમ રાખો.અતિ ભોજન અને અતિ ભાષણ બંને પ્રાણનો તરત જ નાશ કરે છે. ગુજરાતીમાં કહેવત છે કે 'જે વધારે ખાય તે લુખ્ખુ અને વધારે બોલે તે જુઠ્ઠુ ' ખાવામાં અને બોલવામાં સંયમ રાખવાથી ઘણા ફાયદા થાય છે.મનને લગામ લગાવવી જોઈએ. એની સાથે બધી જ ઈન્દ્રીયોને કાબુમાં રાખવા માટે સરળતા રહે છે. કોઈ પણ બેકાબુ હોય તો તે નુકશાન કરે છે.ઈન્દ્રીયોનુ પુર માણસને ખતમ કરી શકે છે.આત્મસંયમ માણસને ઉગારે છે.મનની શાંતિ એ બધાજ દુઃખોની દવા છે.જે વિદ્વાન છે, સમજુ છે, શાસ્ત્રોન અભ્યાસ કરેલો છે,જે મનની ગતિવિધિઓ સમજી શક્યો છે. તેને શાંતિ સહેજ છે.જેનામાં સમજનો અભાવ છે તે હંમેશાં દુઃખી છે.મનને કાબુમાં રાખવુ એ ખાંડાના ખેલ જેવું છે. એકદમ ઉચ્છંખલ ઘોડાને પળોટવા બરાબર ગણાય છે. જો તે કાબુમાં ના રહે તો આપણને નુકશાન કરી શકે છે, તેથી તે સાવધાનીથી કરવુ પડે છે.મનને વશમાં રાખવામાં જો સહેજ ચુક થાય તે એના માઠા પરિણામ આવતાં હોય છે.

સંયમથી લડાઈ-ઝગડા થતા નથી.વેર વધતુ નથી.જ્યાં વિવાદ છે ત્યાં સંયમ હોતો નથી.સંયમ વિનાની જીંદગી એ કિનારા વિનાની નદી જેવી છે.એવી નદીનુ પાણી ક્યારે ક્યાં જાય તે કહેવાય નહી.જ્યાં કિનારો હોતો નથી ત્યાં આફત હોય છે.જેનુ મન ભટકતુ હોય છે, ત્યાં અશાંતિ જ હોય છે.સંયમ આ બધાનુ ઓસડ છે. સંયમ એ વહેતો પ્રવાહ છે. સંયમ સફળતાની કુંચી છે.માણસના વિકાસના પાયામાં સંયમ છે. કાકાસાહેબ કાલેલકરે કહ્યુ છે કે 'સંયમ દ્વારા માણસની અનુભવ શક્તિ વધે છે.દરેક પ્રકારનુ સામર્થ્ય વધે છે.સારાસારનો ભેદ સમજવાની સુક્ષ્મ બુધ્ધિ વધે છે અને માનવજીવન સફળતા સુધી પહોચે છે.સંયમમાં જ જીવન સાફલ્યની પરાકાષ્ઠા છે. '

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ. સંદેશ)

## લગ્ન વિષયક


ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


# 'આપ'ગુજરાતની ગંદકી સાફ કરવા માટે ૨૬મી જાન્યુ.થી ઝાડુયાત્રા

ગુજરાતમાં આમ આદમી પાર્ટીની રાજ્ય કારોબારી સમિતિની બેઠકમાં આગામી લોકસભાની ચુંટણીને ધ્યાનમાં લઈને ગુજરાતમાંથી લોકસભાની ૨૬ બેઠકો પર ઉમેદવાર ઉભા રાખનાર પક્ષ તરીકે ૨૬મી જાન્યુ.થી ઝાડુયાત્રા શરુ કરવામા આવનાર છે.આપ પક્ષનુ પ્રતિક ઝાડુ છે.આ યાત્રાઓમાં રાષ્ટ્રીય પ્રમુખ અરવિંદ કેજરીવાલ પણ સામેલ થનાર છે.

આપ તરફથી સભ્યોની નોંધણીનો કાર્યક્રમ શરુ કરી દેવામાં આવ્યો છે.ત્રણ વર્ષ માટે સામાન્ય સભ્ય માટે રુ ૧૦ની ફી નક્કી કરવામાં આવી છે. સભ્ય બનવા માટેની પુર્વ શરત એ રહેશે કે સભ્ય બનનારી વ્યક્તિ કોઈપણ કટ્ટરવાદી સંગઠન સાથે જોડાયેલી હોવી જોઈએ નહી.ઉપરાંત અન્ય રાજકીય પક્ષનું સભ્યપદ ધરાવતા હોય તો તે પક્ષમાંથી રાજીનામું આપી દીધેલ હોવું જોઈશે.

અણ્ણા હજારેથી છુટા પડેલ કેજરીવાલે નવો પક્ષની રચના કરી ત્યારે શરુઆતમાં લોકોને દિલ્હીની ચુંટણીમાં આવો ભવ્ય પ્રતિસાદ મળશે તેવું માન્યું નહોતું.પરંતુ હવે લોકોને તેમાં રસ જાગ્યો છે.ભાજપ અને કોગ્રેસ પક્ષથી તરછોડાયેલા કે તેનાથી નારાજ થયેલાઓ હવે આપ ભવિષ્ય દેખાઈ રહ્યું હોવાથી તે તરફ દોડશે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯


## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

# સંયમ દ્રઢ મનોબળથી આવે છે

માણસના સ્વસ્થ અને આનંદમય જીવનના પાયામાં સંયમ રહેલો છે. માણસનુ મન ચંચળ છે. તેની ક્ષણેક્ષણ વિચારોની માયાજાળમાં અટવાયેલુ છે. કરવુ કે ન કરવુ, એવી સ્થિતિમાં રગદોળાયા કરે છે. કોઇ વ્યસન કે ખરાબ ટેવ છોડવાની આવે તો, ક્ષણિક ઉભરો આવી જાય છે. પણ વળી એનુ એ જ હોય છે. તે છુટતુ નથી.કારણ કે મનનો સંયમ નથી .સંયમ દ્રઢ મનોબળથી આવે છે.જો મન કબજામાં ન રહે તો સંયમ કેવી રીતે ટકી શકે ?ઘણી વખત માણસ સ્મશાનમાં જાય અને બળતુ મડદુ જુએ એટલી વારમાં એનુ મન સંસારમાંથી ઉઠી જાય, પણ બહાર નીકળ્યા પછી તો એના એ જ હાયવલુરા ! માણસને સ્મશાનવત્ વૈરાગ્ય આવતો હોય છે.પણ એ જ સ્થિતિ કાયમી રહેતી નથી.જ્યારે એ સંયમથી વર્તે છે,ત્યારે એવી સ્થિતિ કાયમી બને છે. કોઇપણ કારણ વિના બેચેની લાગે,ત્યારે આમ કેમ થાય છે ? તો ક્યાંક મનના ઉંડાણે કોઇ ચિંતાની ચિનગારી પડી હોય તો અશાંતિ લાગે છે.જો મન અશાંત હોય તો આપણને અંદરથી ઉકળાટ લાગે છે.અશાંતિ માણસને કશું જ કરવા દેતી નથી.આપણે મન પર સંયમ રાખી શકીએ તો અશાંતિ ઉભી થતી નથી.સવાલ છે સંયમ રાખવાનો, જે સંયમ રાખી શકે એ જગત જીતી શકે છે. જેનુ મન અને શરીર સંયમ રાખી શકતુ નથી એની અધોગતિ થાય છે. આપણે જાણતા હોવાં છતાંય આપણી અધોગતિને આમંત્રણ આપીએ છીએ. જેમકે તમાકુ ખરાબ વસ્તુ છે. શરીરને હાનિકારક છે, એ બધુંજ જાણીએ છીએ, છતાંય એનુ વ્યસન છુટતું નથી. કારણકે આપણે સંયમ રાખી શકતા નથી.સંયમ એ ઉત્તમ જીવન જીવવાની ચાવી છે. એને સમજ્યા વિના વેડફી દેવાથી કેવા હાનિ થાય છે, એની ખબર હોવાં છતાં આપણે પાળી શકતા નથી.

સંયમ એટલે નિગ્રહ, નિરોધ (૨)ઇન્દ્રીયનિગ્રહ . ન નિયંત્રણ,દમન, નિગ્રહ(૩) ખેચી રાખવુ તે વિગેરે અર્થ થાય છે. માણસ અશાંત હોય તો એનુ ચિત્ત કોઇ કામમાં ચોંટી શકતુ નથી.મન જો અશાંત હોય તો શુધ્ધ ગહન જ્ઞાનથી પણ તે માણસ મેળવી શકતો નથી.તેને ખરાબ ચરિત્ર અથવા અશાંત કે અસંયમી માણસ પ્રાપ્ત કરી શકતો નથી. ગુજરાતીમાં કહેવત છે કે ‘મન ચંગા તો કથરોટમાં ગંગા ‘ મનની પવિત્રતા અને સંયમ હોય તો આ જગતની કોઇ તાકાત તમને હલાવી શકતી નથી.આ સંસાર સાગરને તરવા માટે મનનો સંયમ એ પ્રથમ ચરણ છે. જો મન વિખરાયેલુ રહેતુ હોય તો કોઇ જ નિર્ણય લઇ શકાતો નથી.કોઇ કાર્ય પુરુ કરી શકાતુ નથી.સંયમ જ જીવનની નાવને સામેના કિનારે લઇ જાય છે. વેદવ્યાસે મહાભારતના ઉદ્યોગપર્વમાં કહ્યુ છે કે માણસનુ શરીર રથ છે. બુધ્ધિ સારથી છે. અને ઇન્દ્રીયો એના ઘોડા છે. એને વશમાં કરીને સાવધાન રહેવાવાળો ચતુર અને ધીર પુરુષ વશમાં કરેલા ઘોડાઓ દ્વારા સુખપુર્વક સંસાર રથને પાર કરે છે.મન એ હણહણતા ઘોડા જેવું છે. એને કાબુમાં રાખવામાં આવે તો આ જગતના મોટા ભાગના પ્રશ્નોનો અંત આવી શકે છે. સાથે સાથે આપણા જીવનનો પણ ઉધ્ધાર થતો હોય છે.જે પુરુષો સંયમ રાખીને, આ સંસારની આળપંપાળમાંથી બહાર નીકળી ગયા છે, એ ઇશ્વરની નજીક પહોંચી ગયા છે. એમને આ જગતની કોઇ જ વસ્તુ સ્પર્શી શકતી નથી.આત્માવાન સંયમી પુરુષોને વિષયોમાં આસક્તિ હોતી નથી અને તે વિષયો માટે કોઇ યુક્તિ પણ કરતાં નથી. આજે તો લોકો વિષયોમાં એટલા બધા ગળાબુડ છે કે બીજા કશા વિશે વિચારી શકતા નથી.

મનકી આંખે ખોલ મનવા, એ આંખો જેની ખુલી જાય છે એનો બેડો પાર થઇ જાય છે.સંતો એવુ કહે છે કે માણસનો સૌથી મોટો અને દુશ્મન એની ઇન્દ્રીયો છે. જે એને કાબુમાં કરી લે છે, એ જગતને જીતી જાય છે.એક રીતે જોઇએ તો ઇન્દ્રીયો એ સર્વ રોગોનુ મુળ છે.જેણે સર્વોત્તમ સિધ્ધ મેળવવી છે એણે સંયમિત બનવુ પડે છે. શ્રીમદ ભાગતવમાં કહ્યુ છે કે ઇન્દ્રીયોનો સંયમ સ્વર્ગ તરફ દોરી જાય છે અને ઇન્દ્રીયોનો અસંયમ નરક તરફ. આપણે નક્કી કરવું પડે કે, આપણે શું કરવુ છે. આપણે પુર્ણતા પ્રાપ્ત કરવી હોય તો સંયમ રાખવો જોઇએ. જેને સંયમના કોઇ બંધન નડતાં નથી એ વેહેલો વિખરાઇ જાય છે. સંયમ વિનાનુ જીવન એ નાથ માંયડી વિનાના બળદ જેવુ હોય છે.જેના પર કોઇ અંકુશ જ ન હોય. તે કેવા કાર્યો કરે ?ગાંધીજી એ પણ ટકોર કરી છે કે સર્વોચ્ચ પુર્ણતાની પ્રાપ્તિ સર્વોચ્ચ સંયમ વિના સંભવ નથી.સંયમથી માનવનુ ઘડતર થાય છે.સંયમથી એક નવી દિશા ખુલી જાય છે.સંયમથી માણસના જીવનમાં આનંદનો ઉભરો આવે છે.સંયમથી માણસ સ્વસ્થ અને દીર્ઘાયુ બને છે. સંયમ જીવનનો મુલાધાર છે. સંયમ વિના, ભોગ વિલાસમાં સપડાયેલુ જીવન ધુળધાણી થઇ જાય છે.સંયમથી માણસનુ શીલ દીપી ઉઠે છે. કવિ ન્હાનાલાલે પણ કહ્યુ છે કે ‘ સૌદર્ય શોભા પામે છે શીલથી અન શીલ શોભા પામે છે સંયમથી ‘સંયમ તો બધાનો આધારસ્તંભ છે.સંયમની કિંમત થઇ શકતી નથી.સંયમ જીવનનુ સર્વોત્તમ સુખ આપે છે.જે માણસ સંયમ રાખીને સાચી દિશા તરફની મહેનત કરે છે, એ ઘણુ બધુ મેળવી શકે છે. રુસો અને બ્રગોન બંને એક જ વિચાર પર ઉભા છે.’ સંયમ અને પરિશ્રમ એ બે માનવીના મોટામાં મોટા ડોકટર છે. એજ વાતને ઓ બ્રગોન આગળ વધારે છે પરિશ્રમ ભુખ જગાડે છે તો સંયમ અતિ ભોગમાંથી બચાવે છે. ‘આપણે જાણીએ છીએ કે જે બાબતમાં અતિરેક થાય, ત્યાંથી જ માણસનુ પતન શરુ થાય છે. વધારે પડતો ભોગવિલાસ માણસને ખલાસ કરી નાંખે છે.એના અનેક દાખલાઓ આપણી સામે ઉભેલા છે.

શરદબાબુએ પણ એ જ ધ્યાન દોર્યુ છે કે ‘ અતિ સંયમ એ એક પ્રકારનો અસંયમ છે,વધારે પડતો સંયમ હાનિ પહોંચાડી શકે છે, પણ દરેક બાબતમાં એની યોગ્ય માત્રામાં સંયમ રાખવો એ આપણા હિતમાં છે. જો ખાવામાં સંયમ ન રાખીએ તો શુ થાય ? કેટલાંક લોકો અકરાંતિયા થઇને ખાતાં હોયછે એના પરિણામ એ ભોગવતાં હોય છે. સંયમથી ભુખ જેટલું જ ખવાય. એ સંયમ કહેવાય,જે પોતાની જાતને સંયમમાં રાખી શકતો નથી એ ગુલામ જ સમજવો. ‘ગથેએ કહ્યુ છે કે ‘ જે પોતાના પર શાસન નહીં કરે, તે હંમેશાં બીજાનો સેવક રહેશે. ‘

મનને જાણો, એને કાબુમાં રાખો, વિચારોનુ નિયંત્રણ કરો.ગાંધીજીએ એ વાત કહી છે. વિચારોનો સંયમ એ સંયમનુ પ્રથમ પગથિયુ છે. આપણને ક્યારેક કોઇ ટોકે છે કે તમારી જીભને મોઢાંમાં રાખો, જીભ મોઢાંમાં જ છે. પણ વધારે પડતુ બોલવાથી બચાવો.જે જીભને સંયમમાં રાખી શકતો નથી એને સહન કરવાનો વારો આવે છે. બાઇબલમાં કહ્યુ છે કે ‘જે પોતાના મોં અને જીભ પર સંયમ રાખે છે તે પોતાના આત્માને ઉદ્વેગથી બચાવે છે.‘ ચિંતામુક્ત બનવુ હોય તો જીભને કાબુમાં રાખો.બધા જ સંયમોનુ મુળ જીભ અને ઇન્દ્રીયોના નિયંત્રણમાં વસે છે.કામ વગરનુ બોલવુ, વધારે પડતુ બોલવુ, ન ગમતુ બોલવુ -આ બધાના ‌‌ માઠા પરિણામ આવે છે.જીભની સાથે સાથે ઇન્દ્રીયોને પણ કાબુમાં રાખવી જોઇએ.

ડૉ. કિશોરસિંહ સોલંકી

(સૌ.સંદેશ)


## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૯૯૮૩૧૯૬૯૫. ૯૭૧૪૫૧૮૩૬૭

E.mail : Shalemmburo@gmail.com


# વી.એચ.પીએ નગ્મા અને જોની લીવરને મુંબઇમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે ધમકી આપી

બે હિંદુ કટ્ટરતા વાદી સંગઠનો વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે બોલીવુડ એક્ટર્સ નગ્મા અને જોની લીવરને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર નહી કરવા માટે ધમકી આપી હતી.વી.એચ.પી નેતા ઉમેશ રાણેએ આક્ષેપ કર્યો હતો કે મુંબઇના રેલ્વે સ્ટેશનો પર અને બસોમાં નગ્મા અને જોની લીવરના ફોટાઓ સાથે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવામાં મોટા હોડીંગ્સનો ઉપયોગ થઇ રહ્યો છે.જો તેઓ આ બાબતને તાત્કાલીક રોકશે નહી તો અમો તેમના ઘરોની સામે મહા આરતી અને હવનનો કાર્યક્રમ કરીશું.રાણેએ આક્ષેપો કરતાં વધુમાં કહ્યુ હતું કેનગ્મા અને જોની લીવર બેઉ એકઠા મળીને ખ્રિસ્તી મિશનરીઓ સાથે હિંદુઓના માનસમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરી રહ્યા છે.તેણે વધુમાં કહ્યું કે એક ૧૮ પેજની પુસ્તીકા પણ બેઉ એકટરોની છે જેમાં તેમણે કેવી રીતે તેમનો ધર્મ બદલીને ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો અને પરિણામે તેમના જીવનમાં કેટલા બધા ફેરફારો શક્ય બન્યા.જો તેઓ તેમની આ રીતો રોકશે નહી તો અને વીએચપીની સ્ટાઇલ મુજબ કાર્યવાહી કરીશું.

નગ્મા એક જાણીતી અભિનેત્રી છે. તેણીની માતા મુસ્લીમ અને પિતા હિંદુ હતા જેમણે ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો હતો.આ અભિનેત્રીએ દેશની વિવિધ ભાષાઓમાં જેમકે હિંદી,તેલુગુ,તામીલ,મલાયલમ,કન્નાડા, બંગાળી,ભોજપુરી,પંજાબી અને હાલમાં મરાઠી ફિલ્મોમાં કામ કર્યુ છે. જોની લીવર એ ફિલ્મ ક્ષેત્રમાં ખુબજ જાણીતો એવો કોમેડીયન છે.





તેણે હિંદી ફિલ્મોમાં કામ કર્યુ છે.તેને ૧૩ વખત ફિલ્મફેર એવોર્ડ માટે નોમીનેશન મળ્યું હતું. જેમાં બેસ્ટ કોમેડીયન કેટેગરીમાં તે બે વખત એવોર્ડ જીતવામાં સફળ રહ્યો છે.નગ્મા અને જોની લીવર તેમના ખ્રિસ્તી વિશ્વાસ માટે જાણીતા છે. અને આ બાબતે તેઓ ગમે તે જગ્યાએ કે સમયે તેમને તક મળે ત્યારે તેઓ આ વિશ્વાસને જાહેરમાં કબુલે છે.

હિંદુ કટ્ટરવાદી સંગઠનો દ્વારા આપવામાં આવેલ ધમકીએ પાવર ટુ ચેઇન્જ ઇન્ડીયા જાહેરાતોના અનુસંધાને આવી છે.જેને મુંબઇના રેલ્વે સ્ટેશનો અને બસોમાં મુકવામાં આવી છે.પાવર ઓફ ચેઇન્જ એ વિશ્વાસીઓની કોમ્યુનીટી છે.જે લોકોને બોલ્ડ અને સાહસિક વિશ્વાસવાળું જીવન જીવવા પ્રેરિત કરે છે.અમો તેને વિશ્વાસની મુસાફરી કહીએ છીએ.ઇશ્વરપુત્ર ઇસુ દ્વારા ઇશ્વરની શોધ.આ કોઇ ફીલોસોફી નથી.એ અનુભવ છે.અનુભવથી તમે બદલાવ માણી શકો છો.પ્રેરિત થાવ અને પ્રેરણા પામો.વેબ સાઇટ એવું કહે છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



# મુંબઇમાં કટ્ટરવાદીઓ દ્વારા ઇસુ ખ્રિસ્તનું પુતળું તોડી નંખાયું

ધ ક્રિશ્ચિયન સોશ્યલ ફોરમ અને ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયન ક્રિશ્ચિયને કોઈ અસામાજીક તત્વો દ્વારા ઈસુના ક્રુસીફીકેશન દર્શાવતા પુતળાને તોડી નાંખવાના કાર્યનો વિરોધ કર્યો હતો.તેમજ પોલીસને જણાવ્યું હતું કે આ કાર્ય કરનારાઓને તુરતજમાં ઝડપી સજા કરો.કેટલાક અજાણ્યા લોકો દ્વારા વિલે પારલે વેસ્ટ ખાતે સેંટ ફ્રાંસીસ ઝેવીયર્સ ચર્ચ ઓફ સાંતાક્રુઝ ખાતે આવેલ આ પુતળાને તોડી પાડ્યું હતું.ચર્ચના સભ્યોએ રવિવારે સવારમાં ચર્ચમાં આવ્યા ત્યારે આ ઘટના બનેલી જોઈ હતી.ધ ક્રિશ્ચિયન સોશ્યલ ફોરમે જણાવ્યું હતું કે ૧૩૩ વર્ષ નું ઐતિહાસિક મહત્વ ધરાવતું આ પુતળું કોઈએ જાણી જોઈને તોડી પાડ્યું છે.સ્ટેચ્યુની આંગળીઓ તોડીને તેના ભાગ કરવામાં આવ્યા છે જેથી કટ્ટરતા ભર્યું આ કૃત્ય છે.સીએસએફના જનરલ સેક્રટરી જોસેફ ડાયસે જણાવ્યું હતું કે હવે દેશમાં આવા બનાવો બનશે કારણકે દેશમાં આવનારા દિવસોમાં સામાન્ય ચુંટણીઓ આવી રહી છે.જીસીઆઈસીના પ્રેસિડેન્ટ સાજન કે.જ્યોર્જે જણાવ્યું હતું કે મુંબઈમાં રોજબરોજ ધાર્મિક કટ્ટરતાવાદની ઘટના વધતી ચાલી છે.બીજા રાજ્યો કરતાં મુંબઈમાં તે વધારે છે.મુંબઈમાં આ બીજો બનાવ ત્રણ મહિનામાં બન્યો છે.આ પહેલા સેંટ જોસેફ ચર્ચ,જુહુમાં બન્યું હતું.

શ્રી ક્રિશ્ના હેગડ, એમ.એલ.એ. ખ્રિસ્તીઓને જણાવ્યું હતું કે તેઓ આ બાબતે યોગ્ય કાર્યવાહી કરાવશે.તેમજ ધાર્મિક એકતા જળવાય તે માટેનું કાર્ય કરશે.ખ્રિસ્તીઓએ ૨૨ ડિસેમ્બરના રોજ બીજેપીના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની એક સભા યોજાઈ છે તે પ્રસંગે કટ્ટરવાદી તત્વો તેનો લાભ લઈને કોમવાદી છમકલાં આચરશે તેવી ભીતિ છે.આ ઘટના બાબતે સાંતાક્રુઝ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે.હજુ સુધી કોઈની ધરપકડ થઈ નથી.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧



# વડાપ્રધાનશ્રી મનમોહનસિંહ દલિત ખ્રિસ્તી નેતાઓને મળ્યા

શિડ્યુલ કાસ્ટનું સ્ટેટસ માંગતા દલિત ખ્રિસ્તીઓને વડાપ્રધાનશ્રીએ મુલાકાત આપી હતી.તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે તેમનાથી શક્ય તેટલા પ્રયાસો કરી આ પ્રશ્ને સુલઝાવવા પ્રયત્ન કરશે.મુસ્લીમ અને ખ્રિસ્તી દલિતોએ ન્યુ દિલ્હીમાં એસસી સ્ટેટસ માટે કાઢેલ રેલી બાદના બીજા દિવસે વડાપ્રધાનશ્રીએ દલિત ખ્રિસ્તી નેતાઓને મુલાકાત આપી હતી.આ ડેલીગેશનમાં આર્ચ બિશપ અનિલ કાઉટો ઓફ દિલ્હી,કેથોલીક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડીયા, રેવ ડો.રોજર ગાયકવાડ, જનરલ સેક્રટરી, એનસીસીએલ, મી. એલ્વીન મસિહ, જનરલ સેક્રટરી, ચર્ચ ઓફ નોર્થ ઈન્ડીયા સિનોડ, અને મીસ લીયલા પસાહ, જનરલ સેક્ટરી વાયડબલ્યુસીએ હતા. તેમણે વડાપ્રધાનને વિનંતી કરી હતી કે યુપીએની સરકાર યોગ્ય પગલાં લઈને નેશનલ કમિશન ફોર રીલીજીયસ એન્ડ લીનગ્યુસ્ટીક માઈનોરીટી(રંગનાથ મિશ્રા કમિશન)ના રીપોર્ટને શિયાળુ સત્રમાં સંસદમાં રજુ કરે.

નેશનલ કમિશન ફોર રીલીજીયસ એન્ડ લીનગ્યુસ્ટીક માઈનોરીટીઝ, અર્થાત રંગનાથ મિશ્રા કમિશન જેની નિમણુંક ભારત સરકારે ૨૯ ઓકટો.૨૦૦૯માં કરી હતી અને તેમણે તેનો રીપોર્ટ ૨૧મે ,૨૦૦૭માં તૈયાર કરીને સરકારને આપ્યો હતો.જેમાં દલિત ખ્રિસ્તી અને દલિત મુસ્લીમોને શિડ્યુલ કાસ્ટનો દરજ્જો આપવા માટે ભલામણ કરવામાં આવી હતી.પરંતુ સરકાર હજુ સુધી આ બાબતે કોઈ પગલાં લીધા નથી.ખ્રિસ્તી નેતાઓએ યુપીએ સરકારને ભલામણ કરી હતી કે તેઓ સુપ્રીમ કોર્ટમાં આ અંગેના પડતર કેસમાં પોતાનુ સોગંદનામુ ઝડપથી રજુ કરે.રાઈટ પીટીશન નં ૧૮૦/ ૨૦૦૪ છેલ્લા નવ વર્ષથી કોર્ટમાં સરકારના જવાબ વગર પેન્ડીંગ છે.વડાપ્રધાને મળવા ગયેલ ડેલીગેશનમાં ત્રણ સાંસદો સાથે હતા.જે પૈકી મીનીસ્ટર ઓફ સ્ટેટ ફોર ફાયનાન્સ જે.ડી.સલીમ, (કોગ્રેસ),ડી. રાજા.(સીપીએમ), વસંથી સ્ટેનલી(ડીએમકે).હતા.

વડાપ્રધાનની મુલાકાતબાદ આર્ચ બિશપ અનિલ કોઉટો ઓફ દિલ્હી,એ રીપોર્ટરોને જણાવ્યું હતું કે વડાપ્રધાને અમારા વાત શાંતિથી સાંભળી હતી.અને તેમણે આ બાબતે સ્પષ્ટપણે તેમના વિચારો પ્રદર્શિત કર્યા હતા.તેમણે આ પ્રશ્નને કેબીનેટ સમક્ષ મુકવાનું વચન આપ્યું હતું.તેમજ તેમના પાવરથી તેઓ આ પ્રશ્નને સુલઝાવવા પ્રયત્ન કરશે તેવી ખાત્રી આપી હતી.આ વખતે ખ્રિસ્તી અને મુસ્લીમ નેતાઓએ દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરી રહેલ ખ્રિસ્તી અને મુસ્લીમ સભ્યો ઉપર થયેલ લાઠીચાર્જ અને ધરપકડ બાબતે ફરિયાદ કરી હતી.ગંદા પાણીના પ્રહારો ભીડ તીતર ભીતર કરવા માટે પોલીસે વાપરવા બદલ પણ ફરિયાદ કરી હતી.શાંતિપુર્ણ વિરોધની સામે સત્તાવાળાઓએ ખોટુ બળ પ્રદર્શન કર્યું હતું જે વ્યાજબી નથી તેમ જણાવ્યું હતું.વડાપ્રધાને પોલીસ દ્વારા આચરેલ કૃત્ય બદલ માંફી માંગી હતી.સાથે સાથે તેમણે ખાત્રી આપી હતી કે તેઓ આ બાબતે ન્યાય મળે માટે દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમોની માંગણીને કેબીનેટ સમક્ષ મુકીને યોગ્ય પગલાં લેવા માટે ભલામણ કરશે. તેવું એનસીસીઆઈએ જણાવ્યુ હતું.

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.